## ચૂંટણી જંગ : જિલ્લામાં ભાજપમાં કિસ્મત, કોંગ્રેસમાં ઓળખાણ ટીકીટ અપાવી શકે છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

સોમવારથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થવાની છે. ભાજપ-કોંગ્રેસ આગામી ૨ દિવસમાં ઉમેદવારોના નામ જાહેર કરી શકે છે ત્યારે ભાજપ દ્વારા ઉમેદવારો માટે જે માપદંડો નક્કી કરાયા છે તે જોતાં કિસ્મત હશે તેને જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ટીકીટ નસીબ થશે. જ્યારે કોંગ્રેસમાં ઓળખાણ ટીકીટ અપાવીશ કે છે. આ બધા સંજોગોમાં જિલ્લામાં આમઆદમી પાર્ટીના એકાએક આગમનથી બંન્ને રાજકીય પક્ષો ઉમેદવારોના નામ જાહેર કરવામાં થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી શકે છે.

**શિસ્તબદ્ધ ભાજપમાં તમામ સંભવિત ઉમેદવારોની કુંડળી હાઈકમાન્ડના દફતરમાં**

૧૪ તાલુકાની ૬૬ જિલ્લા પંચાયત બેઠક, ૩૦૦ તાલુકા પંચાયત બેઠક અને ૪ નગરપાલિકાની ૧૨૦ બેઠક માટે તા.૨૮ ફેબ્રુઆરીએ મતદાન યોજાવવાનું છે. ઈ.વી.એમ.થી મતદાન યોજાવવાનું હોવાથી ચૂંટણી વિભાગ દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે તે પૂર્વે ભાજપ-કોંગ્રેસ સહિત અન્ય પક્ષોએ જંગ જીતવા માટે ઉમેદવારોના નામ ફાઈનલ કરવાની ક્વાયત તેજ કરી છે. ચૂંટણી જંગમાં ૧૫,૩૭,૬૧૭ મતદારો સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં પોતાના મતનો ઉપયોગ કરી પોતાને ગમતા રાજકીય પક્ષના ઉમેદવારને પ્રતિનિધિત્વ કરવા માટે મોકલવાના છે. ત્યારે ભાજપ દ્વારા ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોની વિગતો અંકે કરી ત્યારે તેમાં ઉંમર, હોદ્દો, અગાઉ ચૂંટણી લડ્યા હતા કે કેમ, અન્ય કોઈ પક્ષમાં હતા કે કેમ..?? તેની તમામ કુંડળી એકત્ર કરી નિરીક્ષકો મારફતે હાઈકમાઉન્ડના દફતર સુધી પહોંચી છે આ સંજોગોમાં નવા માપદંડમાં ફેરફાર ન થાય તો ભાજપના અનેક જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના સદસ્યોને ટીકીટ નસીબ થઈ શકે તેમ નથી. નગરપાલિકા વિસ્તારોમાં નો-રિપીટ થીયરીનો અમલ કરવો આસાન છે કે મુશ્કેલ..?? તે કહેવું ઉતાવળું છે પરંતુ ભાજપનો સિતારો ચમકી રહ્યો છે આ સંજોગોમાં કેસરીયા પાર્ટીની ટીકીટ મેળવવી દરેક ઉમેદવારો માટે સારા નસીબની નિશાની છે. તો કોંગ્રેસમાં કામ કર્યું હોય કે ન કર્યું હોય પરંતુ ઓળખાણ હોય તો ટીકીટ કન્ફર્મ થઈ જતી હોય છે તેવી માન્યતામાં તથ્ય છે કે કેમ તે ઉમેદવારો જાહેર થયા પછી કહી શકાય.


# જિલ્લામાં હાડ થીજવતી ઠંડીની આગાહી, ચૂંટણી સમયે તાપણાં દેખાશે

### રવિવારે શીતલહેરથી પ્રજા ઠૂઠવાઈ, ગરમ વસ્ત્રોમાં સજ્જ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

જિલ્લામાં હાડથીજવતી ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. રવિવાર સવારથી ઠંડીનો પ્રકોપ વધ્યો હતો. રવિવારે દિવસ દરમ્યાન પ્રજા ઠંડીથી ઠૂઠવાતી અને ગરમ વસ્ત્રોમાં સજ્જ જોવા મળી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સોમવારથી ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થવાની છે જેથી ઠંડીનો રાઉન્ડ શરૂ થતાં ચૂંટણી સમયે તાપણાં દેખાશે અને ત્યાં જ પંચાયતી ભાંજઘડના સંવાત સાંભળવા મળશે.

નવા વર્ષના આરંભ સાથે મોસમનો બદલાવી મિજાજ જોવા મળ્યો. ત્યારબાદ ફરીથી ઠંડીનું જોર વધતાં રવી ખેતીને ભરપૂર ફાયદો થઈ રહ્યો છે.



ફેબ્રુઆરીના આરંભ સાથે પણ ઠંડીનો પ્રકોપ ચાલુ રહેતાં જિલ્લામાં લહેરાતી લાખો હેક્ટર ખેતીને ફાયદો જ ફાયદો થવા લાગ્યો છે. ત્યારે પાછલા ૨ દિવસ દરમ્યાન બપોરે તાપમાનનો પારો ઉંચકાતાં ખેડુતોમાં ચિંતા હાવિ થઈ હતી પરંતુ ફરી એકવાર કુદરત ખેડૂતોની તરફેણમાં હોય તે રીતે હવામાન વિભાગે આગામી ૪૮ કલાક દરમ્યાન ઠંડીની તિવ્રતા વધવાની આગાહી કરી છે.

ગત રોજથી સાબરકાંઠા, અરવલ્લી અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં ઠંડી પ્રકોપ હાવિ થતાં સમી સાંજથી પ્રજા ઘરમાં પુરાઈ ગઈ હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઈ હોવા છતાં સંભવિત દાવેદારો માત્ર જૂજ કાર્યકરો સાથે ચોરે બેસી ચર્ચા કરતા જોવા મળ્યા. જિલ્લામાં ઠંડીનો પ્રકોપ વધવાથી લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી સુધી પહોંચે તેવી પણ સંભાવના છે. ઠંડી પ્રકોપથી ઘઉં, જીરૂ, વરીયાળી અને બટાકાના પાકને ભરપૂર ફાયદો મળી શકે છે.

### પાલતું પ્રાણી ઉપર મોતનું કલંક

## ડામોરઢુંઢામાં બળદ છોડ્યા પછી ભડકતાં ખેડૂત મહિલા ૫૦ ફૂટ ઢસડાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

ખેડૂત પરિવારો માટે બળદની જોડી પોતાના સંતાનના જેમ જ વ્હાલી હોય છે પરંતુ જાણે અજાણે કોઈ દુર્ઘટના સર્જાય અને મોત નિપજે તો પાલતું પ્રાણી ઉપર મોતનું કલંક આવી જાય છે. મેઘરજ તાલુકાના ડામોરઢુંઢામાં ખેડૂત મહિલા બળદને છોડવા ગયા ત્યારે એકાએક બળદ ભડક્યા પછી દોરડામાં પગ આવી ગયો અને ૫૦ ફૂટ સુધી ઢસડાતાં ગંભીર ઈજાથી સારવાર દરમ્યાન ગીતાબેન જેઠાભાઈ ડામોરનું મોત નિપજતાં ડામોર પરિવારમાં માતમ છવાયો છે.

જિલ્લામાં બળદ સહિતના પાલતું પ્રાણીઓએ આવેશમાં આવીને પશુપાલક અને ખેડૂતને શિંગડે ભરાવી મોતને ઘાટ ઉતાર્યાના કેટલાક બનાવ નોંધાયા છે. ત્યારે પશુ ચિકિત્સકોના મતે આવા પાલતું પ્રાણીને લાકડી મારી હોય તો તેનો ગુસ્સો યાદ કરી ક્યારેક આવા હુમલા કરતા હોય છે પરંતુ આવું જવલે જ બને છે. મેઘરજના ડામોરઢુંઢાના ગીતાબેન ડામોર (ઉ.૪૫ વર્ષ) ખેતી કામ માટે રાખેલ બળદને છોડવા માટે ગયા હતા તે સમય દરમ્યાન ભડકીને બળદે દોટ મૂકતાં દોરડામાં મહિલાનો પગ આવતાં ૫૦ ફૂટ દૂર સુધી ઢસડાયાં હતાં. માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાના કારણે મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજતાં મેઘરજ પોલીસે એડી નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર મહેસૂલ વિભાગના નાયબ મામલતદારને વર્ષના શ્રેષ્ઠ લેખક તરીકેનો રનર્સઅપ એવોર્ડ

### દેશના પ્રતિષ્ઠિત સ્ટોરી મિરર ફ્લેટફોર્મ ઉપર હિંમતનગરનું નામ ગુંજતું કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

ગાંધીનગર મહેસૂલ વિભાગમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા શૈલેષભાઈ બી. પ્રજાપતિ(પુરષોત્તમનગર, હિંમતનગર)ને દેશના પ્રતિષ્ઠિત સ્ટોરી મિરર ફ્લેટફોર્મ દ્વારા ડીઝીટલ ફ્લેટફોર્મ પર રીડર ચોઈસ એવોર્ડની કેટેગરીમાં ગુજરાતી સાહિત્યમાં વાર્તા અને કાવ્ય રચના માટે ફર્સ્ટ રનર્સઅપ એવોર્ડ અને ટ્રોફી આપી સન્માનિત કરાતાં ગાંધીનગર સહિત માદરે વતનમાં ખુશાલી છવાઈ છે.

સાબરકાંઠાના પાટનગર હિંમતનગરના બહુમાળી ભવનના મુલાકાતીઓ માટે શૈલેષભાઈ બી. પ્રજાપતિનું નામ જાણીતું છે. કોઈપણ અરજદારનું કામ ખોરંભે પડ્યું હોય તો હંમેશાં તેઓ મદદ માટે તત્પર રહેતા, ગરીબ અરજદાર હોય તો જાતે જ ઝેરોક્ષ સહિતનો ખર્ચ ઉઠાવતા તેના કારણે



શૈલેષભાઈ પ્રજાપતિ બહુમાળી ભવનના કર્મઠ અને સેવાભાવી કર્મચારી તરીકે સૌના પ્રિય થયા. ત્યારબાદ ખાતાકીય પરીક્ષા આપ્યા પછી નાયબ મામલતદાર તરીકે બઢતી મળી, અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક થયેલા હોવા છતાં ગુજરાતી સાહિત્ય ઉપર તેમનો લગાવ જગજાહેર છે. ગુજરાતી સાહિત્યમાં વાર્તા અને કાવ્ય રચનાને તેઓએ શોખમાં પરીવર્તિત કર્યો. તેઓએ અનેક ગુજરાતી વિષયમાં સ્ટોરી અને કવિતાઓ રચી અને પ્રતિષ્ઠિત સ્ટોરી મિરર ફીઝીટલ પ્લેટફોર્મ પર તેમની વાર્તા અને કાવ્યને સ્થાન મળતાં ઓથર ઓફ વિકનો એવોર્ડ જીત્યો પહેલી શ્રેણીમાં ઓથર ઓફ ધ યર રીડર્સ ચોઈસમાં જે લેખકને વાંચકો દ્વારા સૌથી વધુ પસંદ કરવામાં આવે તેમને વર્ષનો સર્વશ્રેષ્ઠ લેખક પુરસ્કાર આપવામાં આવે છે અને બીજી શ્રેણીમાં શબ્દોનું શાનદાર પ્રદર્શન કર્યું હોય અને સંપાદક મંડળને પ્રભાવિત કર્યા હોય તેમને પુરસ્કાર આપી સન્માનિત કરાય છે જેમાં વર્ષના શ્રેષ્ઠ ગુજરાતી ભાષાના લેખકની સ્પર્ધામાં ગુજરાતના અનેક યુવા લેખકોએ ઝંપલાવ્યું. ૨૫૦ સ્પર્ધકોમાંથી તેમની સ્ટોરીને સ્થાન મળતાં ફર્સ્ટ રનર્સઅપ એવોર્ડ અને ટ્રોફી જીતી સમસ્ત પ્રજાપતિ સમાજ અને હિંમતનગર તાલુકાનું નામ દેશમાં ગુંજતું કર્યું છે. તેઓએ અનેક યુવાનોને હંમેશાં હકારાત્મક અભિગમ અપનાવવા અનુરોધ કર્યો છે.

## બાયડની પ્રજા ઉપર દૂષિત પાણીનું જોખમ વધ્યું, જોઈન્ટ લીકેઝ થાય તો ઘેર..ઘેર માંદગી

### બળીયાદેવ નજીક ગંદકીમાંથી પસાર થતી પાઈપલાઈન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

બાયડની પ્રજા ઉપર દૂષિત પાણીનું જોખમ વધ્યું છે. હાઈસ્કુલ પાસે આવેલા બળીયાદેવ મંદિર નજીક ગંદકીમાંથી પસાર થતી ખુલ્લી પાઈપલાઈનનો જોઈન્ટ લીકેઝ થયા પછી દૂષિત પાણી પાઈપલાઈન સાથે ભળે તો ઘેર..ઘેર માંદગીની દહેશત સેવાઈ રહી છે ત્યારે પાલિકા તંત્રએ સજાગ બની તત્કાલ પાઈપલાઈનને વધુ સુરક્ષિત કરવાની જરૂરીયાત હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.



બાયડ પાલિકામાં સામાન્ય ચૂંટણીના ઢોલ વાગતાં બાયડ ગામ, જૂના બસ સ્ટેશન અને નવા બસ સ્ટેશન વિસ્તારમાં મતદારોને આકર્ષવાના તમામ પ્રયાસો શરૂ થઈ ગયા છે. બાયડના મતદારો પણ કેટલાય આગેવાનોને હવે ઓળખી લીધા છે. ૫ વર્ષ દરમ્યાન અનેક વિસ્તારોમાં કામ થયા નથી, કેટલાક વિસ્તારોમાં તો દ્વેષભાવ રાખી પ્રજા હેરાન થાય તેવા કારસા રચાયાની લોકચર્ચા છેડાઈ છે. પરંતુ બાયડમાં ખાસ કરીને વીજળી અને પાણીની યોગ્ય સવલત હોવાથી અનેક લોકો માટે બાયડ પ્રથમ પસંદગીનો રહેણાંક વિસ્તાર બની ગયો છે. બાયડ પાલિકા દ્વારા બળીયાદેવ મંદિર નજીક ગંદા પાણીમાંથી પીવાની પાઈપલાઈન પસાર કરવામાં આવી છે પરંતુ તેનો જોઈન્ટ લીકેઝ થશે તો ગંદાં પાણી પીવાની પાઈપલાઈનમાં ભળવાથી અનેક વિસ્તારોમાં કમળા સહિતના રોગચાળાનો ઉપદ્રવ થવાની દહેશત છે. આ સંજોગોમાં બાયડના ઈન્ચાર્જ ચીફ ઓફીસર દ્વારા ગંદકીમાંથી પસાર થતી પીવાના પાણીની પાઈપલાઈનને કેવી રીતે સુરક્ષિત રાખવી..?? તે એકમાત્ર કામ કરે તો પણ બાયડની પ્રજા ઉપર મોટો ઉપકાર થઈ પડશે.

## રણેચીમાં ઉમિયા માતાજી ફોટો મંદિરની સ્થાપના, ૧૦૦૧ મંદિર નિર્માણના સંકલ્પ તરફ

### બાયડથી નિકળેલી વિશાળ રેલીમાં પાટીદાર સમાજના બાંધવો જોડાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

બાયડ તાલુકાના રણેચીમાં શ્રી ઉમિયા માતાજી ફોટો મંદિરની સ્થાપનાના ધાર્મિક કાર્યક્રમ રવિવારે યોજાતાં બાયડ થી નિકળેલી વાહન રેલીમાં કોરોના ગાઈડલાઈનના રહી છે.

કોરોનાના કપરા કાળમાં પ્રજાનું જનજીવન ખોરંભે પડ્યું હતું પરંતુ જાન્યુઆરીથી મોટાપાયે છૂટછાટ પછી દેવમંદિરો દર્શનાર્થીઓ માટે ખુલ્લા મૂકવામાં



અમલ સાથે પાટીદાર સમાજના બાંધવો જોડાતાં માઁ ઉમિયામય માહોલ જોવા મળ્યો. શ્રી ઉમિયા માતાજીના ૧૦૦૧ મંદિર નિર્માણનો સંકલ્પ પૂર્ણ કરવા શ્રી ઉમિયા માતાજી ફોટા મંદિરની સ્થાપના કરવાનું નક્કી કરેલ છે ત્યારે સંકલ્પ તરફ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝા આગળ વધી આવ્યા છે. જ્યારે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાની કારોબારી દ્વારા વિઝન-૨૦૩૦ અંતર્ગત શ્રી ઉમિયા માતાજીના ૧૦૦૧ મંદિર નિર્માણના સંકલ્પને પરીપૂર્ણ કરવા માટે બાયડ તાલુકાના સમાજના આગેવાનોએ પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. સમાજના અગ્રણીઓ ડી.એન.પટેલ, મનહરભાઈ પટેલ, શાંમળભાઈ પટેલ, સુભાષભાઈ પટેલ, ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના ટ્રસ્ટી પ્રવિણભાઈ બી. પટેલ(પહાડપુર), જાગૃતિબેન પટેલ તેમજ રણેચી ગામના જગદીશભાઈ કે. પટેલ(પૂર્વ સરપંચ), ધર્મેન્દ્ર પટેલ, બિપીન પટેલ, વિમલ પટેલ, સતિષ પટેલ, પ્રકાશભાઈ પટેલ સહિતના પાટીદાર સમાજના બાંધવો જોડાયા હતા. માતાજી ફોટો મંદિર સ્થાપનામાં સવાસો ગોળ કડવા પાટીદાર સમાજના કારોબારી સભ્યો, તાલુકા કડવા પાટીદા સમાજની મહિલાઓ વગેરે જોડાયા હતા.

## પ્રાંતિજ ખાતે મોહસિને આઝમ મિશન પ્રાંતિજ દ્વારા ખત્ના કેમ્પ યોજાઈ ગયો

પ્રાંતિજ ખાતે આવેલ એમ.સી.દેસાઈ જનરલ હોસ્પિટલ ખાતે મોહસિને આઝમ મિશન પ્રાંતિજ બ્રાન્ચ દ્વારા એક ખત્ના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હિંમતનગરની ખુશ્બુ હોસ્પિટલના પ્રખ્યાત ડો. એ.એ. મેમણ સાહેબ, ડો. મહેન્દ્રભાઈ પરમાર સાહેબ, ડો. અસલમભાઈ કારભારી સાહેબ અને તેમની ટીમ દ્વારા ૩૦ જેટલા બાળકોની ખત્ના કરવામાં આવી. મોહસિને આઝમ મિશન પ્રાંતિજના પ્રમુખ ખલિફ-એ-શૈખુલ ઈસ્લામ સૈયદ ઈકબાલબાપુ અશરફી, સંસ્થાના ઉપ-પ્રમુખ દાણાવાલા અફઝલહુસેન, મિશનના અન્ય કાર્યકરો, નવ યુવાનો દ્વારા સેવાયજ્ઞને સફળ બનાવવા સુંદર કામગીરી કરી હતી.

## બાયડ-ગાબટ રોડ ઉપર વિજ તાર આવી જતાં કાર પલ્ટી, ૨ ને ઈજા

### વિજ તંત્રની બેદરકારી સામે રોષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

બાયડ-ગાબટ રોડના નવીનીકરણનું કામ શરૂ થયું છે ત્યારે રડોદરા નજીક રવિવારે રોડ ઉપર વિજ તાર આવી જતાં કાર પલ્ટીને બે ગુલાંટ ખાઈ જતાં ચાલક યોગેશ દિનેશભાઈ પટેલ(રહે.સાંઈવિલા સોસાયટી, બાયડ) સહિત બે જણને ઈજાઓ પહોંચતાં મિત્રો દુર્ઘટના સ્થળે પહોંચ્યા હતા. વિજ તંત્રની ઘોર બેદરકારી સામે આક્રોશ જોવા મળ્યો હતો.

જિલ્લામાં વિજ તંત્રની બેદરકારીએ અનેક મૂંગા પશુઓના ભોગ લીધા છે છતાં તંત્ર લાજવાના બદલે ફરિયાદ કરો એટલે ગાજતું હોય છે. બાયડ-ગાબટ રોડ પહોળો કરવાની સાથે ડામર કામ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે રડોદરા નજીક વિજ તંત્રની બેદરકારીથી તાર રોડ ઉપર આવી ગયો હતો જે સમય દરમ્યાન બાયડ થી ગાબટ



તરફ જતી કારના ટાયરમાં વિજ તાર આવી જતાં કાર બે ગોઠીમડાં ખાઈ ચોકડીમાં ખાબકતાં અનેક લોકો મદદ માટે આવ્યા હતા. સદ્નસીબે ચાલક સહિત અન્યોનો બચાવ થયો છે પરંતુ તંત્રની બેદરકારી કોઈપણ પરિવારના ઘરનો ચિરાગ બુઝાવી શકે છે.

## વિજયનગરના અગાડીયા-કલરીયા ડુંગર ઉપર ૬૩ ગીધની હાજરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

સફાઈ કામદારોનું શું મહત્વ છે તે કોરોનાના કપરા કાળમાં જિલ્લાની પ્રજાએ નિહાળ્યું છે. પોતાના જીવની પરવા કર્યા વગર સફાઈ કામદારોએ ગામ અને શહેરો સ્વચ્છ રાખ્યા પરંતુ સફાઈ કામદારોને વસતી નામશેષ થવાને આરે છે ત્યારે એકમાત્ર ઉત્તર ગુજરાતના સાબરકાંઠામાં ગીધની વસતીમાં વધારો થાય છે ત્યારે ગીધની વસતી વધારવા માટે સરકાર અને તેના વિભાગે સાબરકાંઠાના વિજયનગરમાં ગીધ સંવર્ધન કેન્દ્ર શરૂ કરવું જોઈએ.

**કુદરતના સફાઈ કામદારોની સંખ્યા વધારવાના પ્રયાસ જરૂરી**



કાયમી કરવામાં અનેક પાલિકા વિસ્તારોમાં અખાડા જોવા મળી રહ્યા છે. ત્યારે હમણાં હમણાંથી કુદરતના સફાઈ કામદાર તરીકે ઓળખાતા ગીધની પ્રજાતિ ઉપર જોખમ ઉભું થયું છે. સાબરકાંઠા, અરવલ્લીમાં નવી પેઢીએ તો ગીધ જોયા છે કે કેમ..?? તે કહેવું મુશ્કેલ છે. દેશમાં છેલ્લા ૩૨ વર્ષમાં ગીધની સંખ્યા ૪ કરોડથી ઘટીને ૧૯ હજાર થયાનું કેન્દ્રીય પર્યાવરણ મંત્રીએ સ્વીકાર્યું છે ત્યારે દેશમાં ગીધની વસતી ઘટી રહી છે પરંતુ સાબરકાંઠામાં ૬ વર્ષમાં ગીધની વસતીમાં ૩ નો વધારો થઈ કુલ-૬૩ ગીધ વિજયનગરના અગાડીયા અને કલરીયા ડુંગર ઉપર વસવાટ કરતા હોવાનું બહાર આવ્યું છે. ૬ વર્ષમાં ગીધની વસતીમાં માત્ર ૩ નો વધારો ઘણું બધું કહી જાય છે. સમગ્ર દેશમાં ગીધની

મનુષ્ય જ્યારથી સ્વાર્થી બન્યો છે ત્યારથી પર્યાવરણને વ્યાપક અસરો થવાની શરૂઆત થઈ છે. કલાઈમેટ ચેન્જના કારણે વર્તમાન જીવિત પ્રજા-પશુ-પંખીઓ તેનાં માઠાં પરિણામો ભોગવી રહ્યાં છે. આવનારા દિવસોમાં શું થશે..?? તે અંગેની ચિંતાઓ શરૂ થઈ ગઈ છે. અગાઉના દિવસોમાં ખેતર, ગૌચર કે જંગલ વિસ્તારમાં કોઈનો મૃતદેહ પડ્યો હોય તો પ્રજાને ખબર પડી જતી કારણ કે આવો મૃતદેહ પડ્યો હતો તે સ્થળ ઉપર ગીધની ઉડા ઉડ જોવા મળતી. પરંતુ વર્ષોથી આવાં દ્રશ્યો કોઈએ જોયાં નથી અને જિલ્લામાં દર વર્ષે ૫૦ થી વધુ અજાણ્યા મૃતદેહો મળતા હોય છે અને વિકૃત થઈ ગયા છતાં કોઈને ખ્યાલ આવતો નથી.

## મેઘરજમાં અભ્યાસ કરતી સગીરાનું અપહરણ, ભાટકોટાના ઈસમ સામે પોક્સોનો ગુનો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

મેઘરજમાં ધો.૧૨ માં અભ્યાસ કરતી સગીરાનું અપહરણ થતાં મેઘરજ પોલીસે ભાટકોટા ગામના કિર્તી કનુભાઈ ભગોરા સામે અપહરણ, પોક્સોનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સગીરાના પિતા ઉપર અપહરણ કરનારાના પરિવાર દ્વારા પોલીસ ફરિયાદ ન કરવાનું દબાણ થયાની ચર્ચા છેડાઈ છે. જિલ્લામાં મેઘરજ અને ભિલોડા તાલુકામાં સગીર વયની યુવતીઓ વધુ અસલામત બની ગઈ છે. અપહરણ, દુષ્કર્મ સહિતની ઘટનાઓ છતાં ગુનેગારો બેલગામ બની પોલીસની કોઈ ધાક ન હોય તેમ કોઈની દિકરીને ઉપાડીને ફરાર થઈ જાય છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારની અને એક શૈક્ષણિક સંસ્થામાં ધો.૧૨માં અભ્યાસ કરતી સગીરાને ગત તા.૨૫ના રોજ ભાટકોટા ગામના યુવાન બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી ગયો હતો. બનાવના ૧૦ દિવસ સુધી લાપત્તા બનેલી સગીરાનો કોઈ પત્તો ન મળતાં છેવટે મામલો મેઘરજ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.